**PM મોદીને ઈરાનના રાષ્ટ્રપતિ તરફથી ફોન આવ્યો**

22 જૂન, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને આજે ઈરાનના રાષ્ટ્રપતિ, મહામહિમ શ્રી મસૂદ પેઝેશકિયન તરફથી ફોન કૉલ આવ્યો હતો.

2. રાષ્ટ્રપતિ પેઝેશકિયને પ્રધાનમંત્રીને વિગતવાર માહિતી આપી અને ક્ષેત્રની હાલની સ્થિતિ, ખાસ કરીને ઈરાન અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વિશે તેમનો દ્રષ્ટિકોણ શેર કર્યો.

3. પ્રધાનમંત્રીએ તાજેતરની તણાવભરી સ્થિતિ પર ભારતની ઊંડી ચિંતા વ્યક્ત કરી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત શાંતિ અને માનવતાના પક્ષમાં છે. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રીએ તાત્કાલિક તણાવ ઘટાડવા માટે સંવાદ અને કૂટનીતિની આવશ્યકતા પર ભાર મૂક્યો. તેમણે ક્ષેત્રીય શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપના માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

4. પ્રધાનમંત્રીએ ભારતીય સમુદાયના સુરક્ષિત પરત અને પ્રત્યાવર્તન માટે સતત સમર્થન આપવા બદલ રાષ્ટ્રપતિ પેઝેશકિયનનો આભાર માન્યો હતો. બંને નેતાઓએ વેપાર અને આર્થિક સહકાર, વિજ્ઞાન અને ટેકનોલોજી અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને મજબૂત કરવા માટે કામ કરવાનું ચાલુ રાખવાની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

5. તેઓ સંપર્કમાં રહેવા માટે સંમત થયા.

નવી દિલ્લી

22 જૂન, 2025